**જીસ્વાનથી**

ક્રમાંક: જી-૧(ક્રાઇમ)ટે.૨/ ૨૫૮૦ /૧૦
**પોલીસ મહાનિદેશક અને**
**મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય,**
**પોલીસ ભવન, સેકટર-૧૮, ગાંધીનગર-૩૮૨ ०૧૮**
તા.૨૫/૫/૨૦૧૦

**વિષય:** જેલવાસના કેદીઓની વોચ અંગે અને જેલ વિઝિટ અંગે.

**<u>સ્થાયી હુકમ નં. ૧૬/૧૦</u>**

ગુનેગારના ઇતિહાસને અને ગુનાના ડીટેક્શનને ઝીણવટપૂર્વક જોવામાં આવે તો મિલકત વિરૂધ્ધના ગુનાઓમાં ગુનેગાર રીપીટ થતા હોય છે. બહુ ઓછા કિસ્સામાં ગુનેગારની ગુનો કરવાની પધ્ધતિમાં ફેરફાર જોવા મળે છે. માત્ર ગુનેગાર એકવાર પકડાયા પછી બીજીવાર ગુનાની જગ્યા બદલી નાંખે છે. ઝડપી વાહન વ્યવહારની સગવડ, મોબાઇલ ફોનની મદદ અને ગુનેગારને મળતી ગુનેગારની મદદ ગુનાહિત પ્રવૃત્તિ માટે કારણભૂત હોય છે. ગુનેગારને મળતી ગુનેગારની મદદ કેવી રીતે ઉદભવે છે તેનો અભ્યાસ પણ આજ કારણસર ખૂબ જ જરૂરી છે.

૨. એક ગુનેગારનો બીજા ગુનેગાર સાથેના પરિચય માટેનું પ્લેટફોર્મ જેલ હોય છે. ગુનેગારનું ભવિષ્ય જેલમાં જ નકકી થાય છે.

૩. પોલીસ ખાતામાં સામાન્ય રીતે ગુનેગારનો આવતીકાલ ગુનેગાર પોલીસમાં પકડાય, રીમાન્ડ ઉપર રહે, મુદ્દામાલ રીકવર થાય અને જયુડીશ્યલ કસ્ટડીમાં સોંપવામાં આવે ત્યાં સુધીનો હોય છે. જેલમાં આરોપી ગયા પછી તે કેસની તપાસ પૂરી થયે ચાર્જશીટ થાય છે. કયારેક તપાસ કરનાર અમલદારને જામીન અરજી વખતે સાંભળવામાં આવે છે. ટૂંકમાં સમગ્ર કાનૂની પ્રક્રિયા કોર્ટ અને પોલીસ તપાસ વચ્ચે ચાલતી રહે છે. આરોપી જેલમાં નિશ્ચિંત બની જાય છે. આ વખતે ગુનેગાર સબંધમાં કેટલાક મુદ્દાઓ વિચાર માંગી લે છે.

(૧) તેની મુલાકાત જેલમાં કોણ લે છે?
(૨) તેને જેલમાં કયા ગુનેગાર સાથે બેરેકમાં રાખવામાં આવે છે?
(૩) કયા ગુનેગાર સાથે તેને જેલમાં સારી દોસ્તી થઇ છે?
(૪) ગુનેગારનો વકીલ કોણ છે?
(૫) તેને જામીન ઉપર છોડાવવા કોણ કોણ રસ લે છે? કોણ શું મદદ કરે છે?
(૬) તેને ટીફીનની સગવડ કોણ કરી આપે છે?
(૭) કોર્ટમાં મુદતમાં તેને મળવા કોણ આવે છે?
(૮) આરોપીની જેલમાં મુલાકાત લેનાર વ્યકિત કોણ છે?
(૯) તેણે આરોપીને મળવા માટેની અરજીમાં પોતાની આપેલ ઓળખાણ સાચી છે કે કેમ?
(૧૦) તેનો આરોપીને મળવાનો આશય શું છે?
(૧૧) આરોપીને મનીઓર્ડરથી બહારથી ધારા ધોરણ મુજબના પૈસા કોણ મોકલે છે?
(૧૨) જેલમાં આરોપીને બીજા કયા આરોપીઓ સાથે અણબનાવ, દુશ્મની છે?
(૧૩) ગુનેગારોને પોલીસના માણસો ઓળખે તે અતિશય જરૂરી છે.

આ તમામ પ્રશ્નોના જવાબ નિરૂત્તર રહે છે. આરોપી જેલમાં ગયા પછી પોલીસનો તેની સાથેનો સુતક સબંધ પણ રહેતો નથી. આજ અને માત્ર આજ કારણસર ગુનેગારને જેલના સમયથી છુટી ગયા પછી બીજો ગુનો કરે અને પકડાય ત્યાં સુધી ગુનેગાર સબંધે પોલીસ કામગીરીમાં શૂન્યાવકાશ થઇ જાય છે.

૪. આ સમગ્ર હકીકતનું નિરાકરણ લાવવા માટે પડછાયાની જેમ ગુનેગારની વોચ જરૂરી છે. જેલતંત્ર અને પોલીસતંત્રમાં એક દ્રઢ સંકલન ઉભું કરવાની જરૂરી છે. ગુનેગારને ગુનાના કામે પકડાય પછી તેને જામીન ઉપર છુટવા ન દેવો, જેલમાં તેની

પ્રવૃત્તિની રજે રજ માહિતી રાખી તેને જામીન ઉપર છુટયા પછી પણ નજર હેઠળ રાખવો અને ટ્રાયલમાં સજા કરાવવી આ સમગ્ર પ્રક્રિયા બાબતે મજબૂત આયોજન જરૂરી છે.

૫. નિયમોમાં જેલ વિઝિટની જોગવાઇ છે છતાં રૂટીન કામગીરીના ભારના લીધે આ મહત્વની બાબતની ઉપેક્ષા થાય છે.

૬. તમામ પોલીસ કમિશનરશ્રી અને તમામ પોલીસ અધીક્ષકશ્રી અઠવાડિયામાં બે વખત પોલીસ માણસોની જેલ વિઝિટનું આયોજન કરશે. દર વિઝિટ દરમિયાન વારાફરતી એક પોલીસ ઇન્સ્પેકટર કક્ષાના અધિકારી ઇન્ચાર્જ રહેશે અને જેલ વિઝિટ દરમિયાન જેલમાં હાજર રહેશે. આ જેલ વિઝિટનું સંકલન ડીસીબી/એલસીબી કરશે. દરેક જેલ વિઝિટ વખતે દરેક પોલીસ સ્ટેશનમાંથી બે-ત્રણ માણસો પો.સ્ટે. દીઠ બોલાવવા સૂચના છે.

૭. જેલ વિઝિટ દરમિયાન ઉપર ચર્ચા કરેલ બાબતો જોવાની રહે. મિલ્કત વિરૂધ્ધના ૨૦ જેટલા ગુનેગારોની ઓળખ દર વિઝિટ દરમિયાન પોલીસના માણસો લે તેવું સંકલન જેલ સત્તાવાળાઓ સાથે કરશો.

૮. અધિક પોલીસ મહાનિદેશકશ્રી (જેલ) ને વિનંતિ કે ઉપરોકત બાબતો અંગે તેમના તાબાના અમલદારોને જરૂરી સૂચનાઓ પાઠવશે.

(એસ. એસ. ખંડવાવાલા) 21/5/10
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારી, ગુ. રા., ગાંધીનગર

21/5

પ્રતિ

- તમામ પોલીસ કમિશનરશ્રીઓ
- તમામ રેન્જ વડાશ્રીઓ
- તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ (વે. રેલવે, વડોદરા સહિત)

**નકલ સવિનય રવાના:**
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, જેલ વિભાગ, ગુ. રા., અમદાવાદ
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ, ગુ. રા., ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, ઇન્ટેલીજન્સ, ગુ. રા., ગાંધીનગર

**નકલ રવાના (જાણ સારૂ):**
- તમામ અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ
- તમામ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ.
- રેકર્ડ શાખા, અત્રેની કચેરી

૨/- સ્થાયી હુકમ/પરિપત્ર/ઠરાવની ફાઇલમાં રાખવા સારૂ.

૩. આ સાથેના પ્રફોર્મા મુજબની માસિક માહિતીનું પત્રક પોલીસ અધીક્ષકશ્રી રેન્જ વડાશ્રીને મોકલશે અને માસના અંતે સંકલિત માહિતીનું પત્રક રેન્જ વડાશ્રી અને પોલીસ કમિશનરશ્રી અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ, ગુ.રા., ગાંધીનગરને અને અત્રેની કચેરીને પાઠવશે.

**બિડાણ:** પ્રફોર્મા

(સુધીર સિન્હા)
અધિક પોલીસ મહાનિદેશક
(કાયદો અને વ્યવસ્થા), ગુ. રા., ગાંધીનગર

ક્રમાંક :
પોલીસ કમિશનરશ્રી/રેન્જ અધિકારીશ્રીની કચેરી

પ્રતિ,
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

વિષય :- જેલ વાસના કેદીઓની વોચ અંગે અને જેલ વિઝીટ અંગે.
હવાલો :- પોલીસ મહાનિદેશકશ્રીના સ્થાયી હુકમ નં. ૧૬/૧૦ મુજબ

| ક્રમ | જિલ્લો/સેકટર | વિઝીટ લેનાર ઇન્ચાર્જ અધિ. નું નામ અને હોદો | વિઝીટમાં ભાગ લેનાર પોલીસ માણસો ની સંખ્યા | તારીખ અને સમય | સાક્ષાત્કાર (રૂબરૂ) થયેલ આરોપીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

રેન્જ અધિકારીશ્રી/પોલીસ કમિશનરશ્રીની સહી............
રેન્જ/શહેર